સાયબર ગુનાની નવી પદ્ધતિ ડિજિટલ એરેસ્ટ

ટાઈમ લાઈન

સંજય વોરા

જેમ જેમ દુનિયા ડિજિટલ બની રહી છે, તેમ તેમ ઓનલાઈન છેતરપિંડીની પદ્ધતિઓ પણ ઝડપથી બદલાઈ છે. ભારતીય રિઝર્વ બેંકે તેના એક અહેવાલમાં જણાવ્યું હતું કે નાણાંકીય વર્ષ 2023માં 30,000 કરોડ રૂપિયાથી વધુની ઓનલાઈન છેતરપિંડી નોંધાઈ હતી. ઓનલાઈન ઠગાઈ કરનારા લોકોએ આજકાલ નવી પદ્ધતિ શોધી કાઢી છે, જેમાં ઠગાઈનો ભોગ બનનારને ડિજિટલી એરેસ્ટ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં નકલી પોલીસો દ્વારા લોકોને મોબાઈલના વીડિયો કોલ દ્વારા ઘરમાં ગોંધી રાખવામાં આવે છે. તાજેતરમાં નોઈડામાં આવો જ એક કિસ્સો જોવા મળ્યો હતો, જેમાં ઠગોએ એક મહિલાને તેના ઘરે બંધક બનાવીને 5.20 લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

સાયબર ક્રાઈમની આ એક સંપૂર્ણપણે નવી પદ્ધતિ છે, જેમાં સાયબર ઠગો તમને પોલીસ, CBI અથવા કસ્ટમ અધિકારીઓનો ઢોંગ કરીને ઓનલાઈન બોલાવે છે અને તમને

ડરાવીને ઘરમાં બંધક બનાવે છે. કૌભાંડનો આ ખેલ અહીંથી શરૂ થાય છે. આ પ્રકારના કૌભાંડને ડિજિટલ હાઉસ એરેસ્ટ કહેવામાં આવે છે. સાયબર ગુનેગારો પીડિતને ફોન કરે છે અને કહે છે કે તમારા બેંક ખાતામાં કંઈક ખોટું થયું છે. તેઓ ધરપકડનો ડર બતાવીને પીડિતાને ઘરમાં જ ગોંધી રાખે છે.

નોઈડાના તાજેતરના ઉદાહરણ પરથી આપણે આ કૌભાંડની પદ્ધતિ સમજીએ. મહિલાએ જણાવ્યું કે તેને એક ફોન આવ્યો હતો. આ કોલ ઈન્ટરનેશનલ કુરિયર કંપનીના કર્મચારીએ કર્યો હતો. તેણે મહિલાને કહ્યું કે તેના નામે મોકલવામાં આવેલા પાર્સલમાં ડ્રગ્સ મળી આવ્યું છે. જ્યારે મહિલાએ કહ્યું કે આવા કોઈ પાર્સલ વિશે કોઈ માહિતી નથી ત્યારે તેણે કહ્યું કે તે મુંબઈ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી રહ્યો છે. આ પછી મહિલાને એક વીડિયો કોલ આવે છે, જેમાં પોલીસ અધિકારીનો ઢોંગ કરનાર વ્યક્તિએ વીડિયો કોલ પર મહિલાને આખી રાત ઊંઘવા દીધી ન હતી અને તેને ધમકી આપીને તેનાં અલગ અલગ અકાઉન્ટમાંથી લગભગ 5.20 લાખ રૂપિયા પડાવી લીધા હતા.

નોઈડાના સેક્ટર-19ની પ્રિયંકા બદોનીએ નોંધાવેલી FIRમાં કહ્યું હતું કે થોડા દિવસ પહેલાં તેને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે FedEx કંપનીનો કર્મચારી હોવાનું દર્શાવીને તેને મની લોન્ડરિંગમાં સામેલ હોવાની અને તેના પાર્સલમાં ડ્રગ્સ મળી આવ્યું છે તેવી ધમકી આપી હતી. આમ કહીને તેણે કથિત મુંબઈ સાયબર ક્રાઈમ બ્રાન્ચને કોલ ટ્રાન્સફર કર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેની પાસે વીડિયો કોલિંગ એપ ડાઉનલોડ કરાવવામાં આવી હતી.

આ પછી તેની વીડિયો કોલ પર પૂછપરછ કરવામાં આવી હતી. યુનિફોર્મમાં ઘણા પોલીસ અધિકારીઓ પણ બેકગ્રાઉન્ડમાં દેખાતા હતા. થોડા સમય પછી તેને કહેવામાં આવ્યું કે તમારા IDનો ઉપયોગ ડ્રગ સપ્લાય, મની લોન્ડરિંગ અને ઘણી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં કરવામાં આવ્યો છે. આ પછી તેને સતત પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેને આખી રાત ઊંઘવા દેવામાં આવી નહીં. બીજા દિવસે તે ઠગ તપાસ કરવાના બહાને ACP તરીકે વીડિયો કોલ પર આવ્યો હતો.

કહેવાય છે કે રાજસ્થાનના મેવાત વિસ્તારમાં કેટલાંક ગામોના બધા બેકાર યુવાનો આ રીતે સાયબર ઠગાઈ કરીને મહિને લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે

ત્યાર બાદ પ્રિયંકાને ધાકધમકી આપીને તેણે 5 લાખ 20 હજાર રૂપિયા પોતાના ખાતામાં જમા કરાવડાવ્યા હતા. તેવી જ રીતે નોઈડામાં સાયબર ઠગોએ એક નિવૃત્ત મેજર જનરલ સાથે રૂ. 2 કરોડની છેતરપિંડી કરી છે. એક ભૂતપૂર્વ વરિષ્ઠ સૈન્ય અધિકારીને તેમના નામે ડ્રગ્સ અને અન્ય ગેરકાયદેસર ચીજવસ્તુઓ વિદેશ મોકલવામાં આવતી હોવાનો ઉલ્લેખ કરીને જેલની ધમકી આપીને છેતરપિંડી કરવામાં આવી હતી. તેઓએ તેને ધમકી આપી અને પાંચ દિવસ સુધી તેને ડિજિટલ અરેસ્ટમાં રાખ્યો હતો. સાયબર અપરાધીઓએ પોલીસ ઓફિસર તરીકે આ બધું સોશ્યલ મીડિયા દ્વારા કર્યું હતું.

સાયબર ક્રાઈમ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર વિજય કુમાર ગૌતમે જણાવ્યું કે નોઈડાના સેક્ટર 31માં રહેતા મેજર જનરલ (નિવૃત્ત) એન.કે. ધીરે પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું કે 10 ઓગસ્ટના રોજ તેમને એક ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ DHL કુરિયર સર્વિસના કર્મચારી તરીકે આપી હતી. તેણે ધીરને જણાવ્યું કે તેના નામે મુંબઈથી તાઈવાન જતું પાર્સલ જ્યારે કસ્ટમ્સ વિભાગ, મુંબઈ દ્વારા ખોલવામાં આવ્યું ત્યારે તેમાં પાંચ પાસપોર્ટ, પાંચ બેંક ક્રેડિટ કાર્ડ, કપડાં, 200 gm MDMA (નશાકારક પદાર્થ) અને એક લેપટોપ હતા. આરોપીએ ધીરને એક કથિત મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારી સાથે વાત કરવા માટે કહ્યું, જેણે તેનું ઓળખ કાર્ડ ફોટો પણ WhatsApp પર મોકલ્યો હતો. તમામ વાતચીત વોટ્સએપ પર થઈ હતી અને ઠગોએ CBI તરફથી એક પત્ર પણ મોકલ્યો હતો, જેમાં સ્પષ્ટ લખ્યું હતું કે જો તેઓ જેલમાં જવાથી બચવા માંગતા હોય તો તેઓએ કોઈની સાથે કોઈ માહિતી શેર ન કરવી જોઈએ. પોલીસે જણાવ્યું હતું કે છેતરપિંડી કરનારાઓએ નિવૃત્ત મેજર જનરલને તેમની પાસેનાં તમામ નાણાં બેંક ખાતામાં ટ્રાન્સફર કરવા કહ્યું, જેના પર તેમણે સંબંધિત ખાતામાં 2કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. જો સાયબર ગુનેગારો નિવૃત્ત મેજર જનરલને પણ છેતરી શકતા હોય તો તેમની ચાલાકી કેટલી હશે?

કહેવાય છે કે રાજસ્થાનના મેવાત વિસ્તારમાં કેટલાંક ગામોના બધા બેકાર યુવાનો આ રીતે સાયબર ઠગાઈ કરીને મહિને લાખો રૂપિયાની કમાણી કરી રહ્યા છે. ક્યારેક તેઓ સેક્સ ફોન કરીને રૂપિયા પડાવે છે તો ક્યારેક મોબાઈલ ફોનના ટાવર દ્વારા જંગી કમાણી કરવાની લાલચ આપીને ઠગાઈ કરે છે. ક્યારેક તેઓ કેશ બેકની લાલચ આપીને જીપે કે ફોનપેના ખાતાંમાંથી રૂપિયા પડાવે છે.

જો આ ઠગાઈથી બચવું હોય તો કોઈ પણ અજાણ્યા કોલર સાથે વાત કરવાનું ટાળવું જોઈએ.

ઈશ્વરપણાની રેસમાં કૃષ્ણ સૌથી આગળ

મા ણસને ઉત્ક્રાંતિના કોઈ સીમાચિહ્ન રૂપ તબક્કે ઈશ્વરની અનિવાર્યતા લાગી હશે ત્યારે એની સામે એકથી એક ચડિયાતા ઉમેદવાર ઊભા હશે. એટલું તો માણસે નક્કી કરી લીધું હતું કે પ્રાણી જગતનું પ્રતિનિધિત્વ કરતા પ્રતિભાવંત જીવો કરતાં માનવજાતમાંથી જ આપણને અનુકૂળ એવો હાલતો ચાલતો, જિંદગીના સંઘર્ષમાં મહદંશે જીતતો છતાં ક્વચિત્ હાર પણ પચાવી જાણતો ઈશ્વર મળી જાય તો તે ભવિષ્યના માનવસમાજ માટે લાંબી રેસનો ઘોડો પુરવાર થઈ શકે. જુદા જુદા ભૂખંડોએ સમયે સમયે આવા પુરુષો પેદા કર્યા હતા. ઈશ્વર તરીકે પુરુષ જ ચાલશે, સ્ત્રી હરગિજ નહીં એ મુદ્દે આખી દુનિયામાં સ્વાભાવિક રીતે જ સહમતી સધાઈ ગઈ હતી. સ્ત્રીઓને એ ઝંઝટમાં પડવું ન જોઈએ એવો વણલખ્યો નિયમ 'મર્યાદા'ના આવરણ હેઠળ સર્વસંમતિથી સ્વીકારી લેવાયો હશે કારણ કે ઈશ્વર થઈને એ કોઈ પુરુષના વીર્યથી પ્રેગ્નન્ટ થઈ જાય એ તો એને પોતાને અને એના ભક્ત ગણને શરમજનક જ લાગ્યું હોત.

આખરે માનવ જાતિએ ઠેક ઠેકાણે પોતાને અનુકૂળ આવે એવા પુરુષ ઈશ્વરો પેદા કર્યા. જ્યાં માનવીને એમ લાગ્યું કે કોઈ માણસને ઈશ્વર તરીકે સ્થાપિત કરી દેવો એ તો ઈશ્વરનું જ અવમૂલ્યન ગણાશે ત્યાં એણે ઈશ્વરની આજ્ઞાઓનું જ્ઞાન ફેલાવતા આધ્યાત્મિક પુરુષોને ઈશ્વરના પુત્ર કે પયગંબર અથવા તીર્થંકર તરીકે માન્યતા આપી.

આવા ઈશ્વરના અવતારો અને પ્રતિનિધિઓ એમની હયાતીમાં હતા એ કરતાં એમની ગેરહાજરીમાં ઘણા વધારે લોકપ્રિય બન્યા છે. એમને ક્યાંક મૂર્તિ તરીકે ભવ્ય મંદિરો અને દેવળો બંધાવી પધરાવાયા છે તો ક્યાંક એમનો ચહેરો પ્રગટ કર્યા વગર એમનો આદર થાય છે. ઈશ્વર એક જ હોઈ શકે અને એને માતાના ગર્ભમાંથી જન્મ લેવાની જરૂર જ ના પડે એવો એક સિદ્ધાંત પણ બહુ વ્યાપક પ્રમાણમાં વિકસ્યો. આદિ અનાદિ દેવાધિદેવ મહાદેવને નથી જન્મ લેવો પડ્યો કે નથી બીજા જાણીતા ઈશ્વરના અવતારોની જેમ એમનો જીવનકાળ સમાપ્ત થતો. એ પુરુષ અને પ્રકૃતિ સ્વરૂપે લિંગ આકારે પૂજાતા રહ્યા છે. વૈદિક કાળમાં ફક્ત ૐ કાર -અનાહત નાદને જ ઈશ્વરનો પર્યાય માનવામાં આવ્યો છે જે 19મી સદીના અંતમાં દયાનંદ સરસ્વતીના ઝુઝારુ નેતૃત્વમાં હિન્દુ ધર્મમાં ઊંડે સુધી પ્રવેશેલી મૂર્તિ પૂજાને નકારી પુનઃ સ્થાપિત થવા મેદાનમાં ઊતરે છે. ઋષિ દયાનંદ માત્ર વેદોને પ્રમાણભૂત ગણી અવતારવાદનું ખંડન કરે છે. 20મી સદીમાં વિશ્વ સમક્ષ સનાતન ધર્મ લાઈમલાઈટમાં આવે છે એમાં સૌથી મહત્ત્વની બાબત વિવેકાનંદના પગલે દુનિયાભરમાં છવાઈ ગયેલા હિન્દુ ધર્મના વિવિધ સંતો છે. એમાં ઈસ્કોન જેવી રમણીય સાંસ્કૃતિક સંકલ્પના સાથે 'હરેકૃષ્ણ-હરેરામ'ની ધૂનમાં મસ્ત થઈને નાચતાં ગાતાં તરવરિયાં દેશી વિદેશી યુવાનો અને યુવતીઓ છે જે કૃષ્ણને ગોકુળ મથુરા અને દ્વારકાથી ઊંચકીને આંતરરાષ્ટ્રીય ફલક પર મૂકી દે છે. કૃષ્ણની લગોલગ હવે તો ઈન્ડિયન ગોડ તરીકે ભગવાન સ્વામિનારાયણ વિદેશની ધરતી પર પ્રભાવ પાથરી રહ્યા છે. રામને હનુમાનજીની જેમ ખભે ઊંચકીને નહીં તો પોથીમાં પૂરીને મોરારિબાપુ દુનિયા આખીમાં યાત્રા કરાવી રહ્યા છે. દુનિયામાં સૌથી વધુ અનુયાયીઓ ખ્રિસ્તી ધર્મના છે અને સ્વાભાવિક છે કે ઈશ્વરપુત્ર ઈસુ એ રીતે બધા ભગવાનોને અને ઇસ્લામિક વિશ્વના અધિષ્ઠાતા મોહમ્મદ સાહેબને પણ અતિક્રમી આગળ નીકળી ગયા ગણાય. ક્યારેક ભારતમાં જન્મેલો અને પ્રિયદર્શી અશોકના સમયમાં ભારત બહાર વિસ્તરેલો બૌદ્ધ ધર્મ ચીન, જાપાન, કોરિયા, થાઇલેન્ડ, શ્રીલંકા, મ્યાંમાર વગેરે દેશોમાં ફેલાયેલો હોઈ ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામ કરતાં પણ વધુ અનુયાયીઓ ધરાવતો લાગે. પરંતુ ચીન સામ્યવાદી દેશ હોઈ ધર્મને મહત્ત્વ આપે જ નહીં. પરિણામે બૌદ્ધ ધર્મના અનુયાયીઓ પણ એમના ધર્મ વિશે વાત કરતાં ડરે. એથી ઊલટું ખ્રિસ્તી દેશોના નેતાઓ બાઇબલના નામે જ સોગંદ લે છે. ઈસ્લામી રાષ્ટ્રો તો ધર્મ પ્રચારને રાજ્યની પ્રાથમિક ફરજ સમજે છે. સનાતન ધર્મના ખેરખાંઓ એવી ઝંઝટમાં ન પડ્યા, ઊલટાની એમણે તો પોતાના જ ઘરમાં દીવાલો ચણી દીધી. વર્ણવ્યવસ્થા માણસને માણસથી સૂગ કરાવતી રહી. સ્ત્રીને દેવી તરીકે પૂજવામાં વાંધો ના આવે પણ એને આજીવન શું સાત સાત ભવ ત્વમેવ ભર્તા નો જાપ જપવાનો. અનુચરી બની ઘર સાચવવાનું અને વંશ ચાલુ રાખવાની પવિત્ર ફરજ નિભાવવાની ઈશ્વર માણસ જાતની અવગણી ન શકાય એવી અનિવાર્ય જરૂરિયાત બની ગયો છે. એ ભલે ક્યારેક કોઈ કવિની કલ્પના સ્વરૂપે અવતર્યો હોય. પણ પછી એવો જડબેસલાક જામી ગયો કે આ પૃથ્વી નામના ગ્રહના છેવાડાના ખૂણે પણ એની વિજય પતાકા ફરકતી રહી છે. એને અલગ અલગ નામથી ઓળખવામાં આવે તો પણ તે છે તો બીજી તો પેલા આદિમાનવને ઈડન ગાર્ડનમાં કે હિમાલયની કંદરાઓમાં ભટકાઈ ગયેલો ઈશ્વર જ. એ જબરો જાદુગર છે. એને જે તે સ્થળે ત્યાંના માણસોને ગમે અને પૂજવાનું મન થાય એવા રોલ ભજવતાં આવડે છે. પછી જરૂર પડશે તો એ ભાથીખત્રી કે રામદેવ પીર જેવા લોકદેવતા તરીકે પ્રગટ થશે, માતાજી બનીને આવશે કે અશો જરથુસ્ત, ગુરુ નાનક કે કન્ફ્યુશિયસ જેવા કોઈ સાધુ સંતનું રૂપ ધારણ કરશે. મૂળે એ એક સુપર હ્યુમન ચેતના છે જે ક્વચિત્ પ્રાણી રૂપે પણ પ્રગટ થઈ સતાધારના પાડા તરીકે પૂજાઈ શકે છે. પરંતુ પ્રબુદ્ધ સુધરેલી માનવજાતને તો આખરે એક ગરવા નરવા સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વવ્યાપક તત્ત્વનો જ મહિમા કરવો ગમે. આવો ઈશ્વર પેદા કરવાનું ભારત સિવાય બીજા કોઈ પ્રદેશનું ગજું જ નહોતું. ભારતે જગદગુરુનું પદ આદિ અનાદિકાળથી જાળવી રાખ્યું છે અને એટલે જ બાકીની દુનિયા એની સમસ્યાઓનું નિરાકરણ મેળવવા ભારત તરફ મીટ માંડીને બેઠી છે. ઈશ્વર કદાચ મૂળભૂત રીતે ભારતની ખોજ છે. ભારતે દુનિયાને એક ફુલફ્લેજ્ડ ઈશ્વરની ભેટ ધરી છે. માનવીને એ પોતીકો લાગે એ પણ જરૂરી હતું. આથી એ એકલો રહે તે પણ બરાબર નહીં.

મનકા સિતાર

કેશુભાઇ દેસાઇ

સનાતન ધર્મમાં ફાંટા પડતા રહ્યા છે છતાં શિવ, રામ અને કૃષ્ણ સાથે કોઈ સ્પર્ધામાં ઊતરી શક્યું નથી. ધર્મક્ષેત્રે સનાતન સૌથી વધારે વૈજ્ઞાનિક જીવનશૈલી છે અને સનાતન ધર્મમાં પણ કૃષ્ણ દેવાધિદેવ મહાદેવ અને એમનો પૂર્વાવતાર ગણાતા રામને પાછળ મૂકીને ક્યાંય આગળ નીકળી ગયા છે. શ્રાવણ એકી સાથે શિવ અને કૃષ્ણનો મહિમા કરતો મહિનો છે. જયશ્રી કૃષ્ણ,હર હર મહાદેવ હર!

એ એકલી પુરુષ જાતનો જ બની જાય એ પણ ન ચાલે. એથી સંભવ છે કે એક આદર્શ પરિવાર તરીકે સ્થાપિત કરવા એને પાર્વતી સીતા કે રાધા જેવી જાજરમાન સંગિની સાથે પણ જોડી દેવાયો હોય. વિશ્વને પુરુષ અને પ્રકૃતિના રમણીય સાયુજ્યની થિયરી સનાતન ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ આપી શક્યો નથી. ઈસુ સાથે માતા મેરી છે, કોઈ સંગિની નથી જેથી પરિવારની સંકલ્પના પૂરી થઈ શકતી નથી. બુદ્ધમહાવીરને પત્ની તો છે પણ એનો ત્યાગ કરવો પડે છે. નબીએ લગ્ન કર્યા છતાં એકે સ્ત્રીને પોતાની લગોલગ સ્થાન નથી આપ્યું. સનાતન ધર્મમાં ફાંટા પડતા રહ્યા છે છતાં શિવ, રામ અને કૃષ્ણ સાથે કોઈ સ્પર્ધામાં ઊતરી શક્યું નથી. ધર્મક્ષેત્રે સનાતન સૌથી વધારે વૈજ્ઞાનિક જીવનશૈલી છે અને સનાતન ધર્મમાં પણ કૃષ્ણ દેવાધિદેવ મહાદેવ અને એમનો પૂર્વાવતાર ગણાતા રામને પાછળ મૂકીને ક્યાંય આગળ નીકળી ગયા છે. શ્રાવણ એકી સાથે શિવ અને કૃષ્ણનો મહિમા કરતો મહિનો છે. જયશ્રી કૃષ્ણ,હર હર મહાદેવ હર!

શબ્દ સાપ્તાહિકી

- અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

1. નખથી કોતરેલું (4)
3. સમૂહ (3)
5. નોતરું, ઇજન (3)
8. રંગ, વલણ (2)
9. રીત, પ્રથા (3)
11. પારકા પૈસા (4)
13. ભલામણ (4)
16. લશ્કરી વહાણ (4)
18. જીવ, પ્રાણ (2)
19. પુરુષ (2)
20. ગધેડો (2)
21. આદર, સન્માન (2)
22. પ્રશ્ન (3)
25. ચાલવું, ગતિ (3)
27. લીન, ડૂબેલું (3)
29. સંદેશ (4)
32. આનંદ, લહેર(2)
33. સંમતિ, પરવાનગી 92)
34. ઉપાય, ઇલાજ (2)
35. જરૂરી ખર્ચ કરવું તે (5)
38. હાથી (2)
40. ચીકણી, વનસ્પતિ (2)
43. એક કઠોળ(2)
44. પ્રધાન (3)
46. સૂરજ (3)
48. પિતા (3)
51. રોકડું (3)
53. ટોળું, મંડળ (2)
54. પારકા પૈસા (4)

ઊભી ચાવી

1. પગથી માથા સુધી (4)
2. આબેહૂબ વર્ણન (3)
3. પ્રતિજ્ઞા, સોગન (3)
4. કાળજી, દરકાર (3)
5. કિંમત, મૂલ્ય (2)
6. સૂર્ય (3)
7. ગાઢ, નક્કર (3)
12. તદ્દન (4)
14. છૂટું, નવરું (3)
15. એક સરખું (3)
17. શહેર, પુર (3)
18. માછલા વગેરે પકડવાની ઝોળી (2)
23. હવા, પવન (2)
24. ઘોડો (2)
26. ખુશબો (3)
27. હાથી (2)
28. દેવું, ઋણ (3)
29. એક નળાકાર વાસણ (3)
30. એક ચોપગું પ્રાણી(2)
31. લાગ, પ્રસંગ (2)
32. એક રૂપાળું પંખી (2)
36. આંખની કીકી (3)
37. સરોવર (2)
38. આકાશ (3)
39. ખુશ, પ્રસન્ન (2)
41. ટેવ, વ્યસન (2)
42. એક જાતનું ભૂત92)
44. અંધારિયું, કૃષ્ણપક્ષનું (2)
45. માલિસ કરવું તે (3)
47. અધોગતિ પડતી (3)
48. દુનિયા (3)
49. પ્યાલો (2)
50. મીઠું, ગળ્યું (2)
52. ગગનમાં જનારું (5)
55. કિંમતી પથ્થર (2)
56. નવલું નવાઈ ભર્યું (3)
57. દુઃખ, પીડા (3)
58. ધાન્ય, જવ (2)
59. મૂલ્ય (3)
61. ખપ, જરૂર (3)
63. માછલું (2)
65. પ્રત્યેક, દરેક (2)
67. એક જાતનું ઝીણું કપડું (4)
68. હરકત, માથાકૂટ(4)
69. કપિ, વાંદરુ (3)
70. શંકર, મહાદેવ (2)
71. એક ને પા (2)
72. પાછું (3)
74. ધૂન, મસ્તી (2)
75. કિંમત, ભાવ (2)

શબ્દ સાપ્તાહિકી ઉકેલ



કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ